ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૧ ઓગષ્ટ-૨૦૧૩



ડૉ. ડી. પી. ચિખલીયા

તંત્રી સ્થાનેથી....



## ૠણ સ્વીકાર

આત્મીય સ્નેહી મિત્રો,

નમસ્કાર....

ગત માસમાં મારા જીવનમાં અચાનક આવેલો Turbulance એ એક કદાચ જીવનભર એવું લાગે છે કે તે Frozen Turbulance બની રહેશે.

ઈશ્વર જીવનમાં કયારેક ઘણી તક આપે છે. અને કયારેક તકની નજીક પણ પહોંચવા નથી દેતો. આપણને ત્યારે આપણી માનવીય પામરતા અને ઈશ્વરની વિરાટ શકિતના દર્શન થાય છે. પરંતુ આપણે કર્મના સિધ્ધાંત, ઈશ્વરીય તત્વના ગુઢ રહસ્યો પામવા ગમે તેટલી ઝંખના કરીએ, પરંતુ એ વિરાટ તત્ત્વને પામવું ખેરખર મુશ્કેલ છે.

ગત તા.૨૮.૬.૨૦૧૩ સવારે ૧૦:૪૫ કલાકે જેમને મેં મારા ખુદના જીવનથી પણ વધારે ચાહ્યા (જો કે દરેક પતિ આમજ કરતો હોય છે.) એવા મારા પત્નિ ભાવના ચિખલીયા સ્થુળ દેહે મારાથી અલિપ્ત થઇ સદાય મારામાં એકરૂપ થયા.

ઘણીવાર પૃચ્છાથાય કે આમ કેમ થયુ ? શું ઘટના બની ?

મિત્રો ભાવનાબેનને Dissection Of Aorta એટલે કે હૃદયમાંથી નીકળતી મુખ્ય ધમનીની અંદર દિવાલ તૂટી જવાથી આમ થયું. આ રોગ દર એક લાખ લોકોમાં ફકત ૨ લોકોને જ થાય છે. ઈશ્વર એ બે લોકોમાં એક ભાવનાબેનની પસંદગી કરી. અને Dissection Of Aorta છેક હૃદયથી માંડી પેટમાં આવેલી ધમની સુધી થયું. જેમાં લગભગ ૯૮% જીવન બચાવવાની શકયતા નહીવત હોય છે. સર્જરી થઇ, Aortic Valve રીપ્લેશ થયો, Aorta Surgery થઇ, નવો જ Bye Pap નાખ્યો.

પરંતુ ઈશ્વરે ધારેલી વસ્તુ પાસે વિજ્ઞાન હાર્યુ, અને ત્યાર પછીની ઘટનાથી આપ સૌ વિદિત છો.

ભાવનાબેનને આખા જુનાગઢ જીલ્લાએ, અરે ! ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની પ્રજાએ એક ભયાનક આંચકા સાથે અવિસ્મણીય પ્રેમ આપ્યો.

એક અત્યંત દયનીય સ્થિતીમાં જીવતા નેસડાના માલધારીએ અને વિશ્વનેતા તરીકે જેમની ગણના થાય તેવા મહાનુભાવોએ પણ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા. એક સાથે આટલા મહાનુભાવો, આટલી વિશાળ જનમેદની, કદાચ હિન્દુસ્તાનમાં પ્રથમવાર એક મુલ્યનિષ્ઠ મહાનુભાવની વિદાય વખતે ઉમટી પડી અને મને ખુબ પ્રેમપુર્વક હુંફ આપી.

આખા વિશ્વમાં પ્રાર્થનાસભાઓએ મને બળ, પ્રેમ અને લાગણીઓના અગાધ પ્રેમમાં ભીંજવવાના પ્રયત્નો કર્યા. આ સૌનું ૠણ હું કયારે અદા કરી શકીશ ? પ્રયત્ન જરૂર કરીશ.

તમે આપેલી હુંફથી, બમણા જોશથી, તેમણ શરૂ કરેલા, વિચારેલા કાર્યો કરવા ઈશ્વરને પ્રાર્થના કરીશ. આપ સૌએ અમારા તરફ કરેલી આ પ્રેમ વર્ષાનો કેવા ભાવથી આભાર માનુ ?

કારણ કે આપ સૌ તો મારા જ છો.

મર્દાનગીભરી જીંદગી જીવી સ્ત્રી શકિતને એક નવી ઓળખ આપનાર આપણા સૌની ભાવનાને ફરી ફરી યાદ કરી તેણે બતાવેલ પરંતુ કંઇક નવા જ પ્રકારના માનવ ઉપયોગી કાર્યો કરી શકીએ તેવા ભાવ સાથે આપ સૌનો ખુબ ખુબ ૠણસ્વીકાર.



TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૧ ઓગષ્ટ-૨૦૧૩

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. વિકાસ રાઠોડ

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮


**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**


**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂતિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

# અલ્સરેટીવ કોલાઈટસ

Dr. Parag Patel
M.S.
Endoscopist & Laproscopy
Surgeon






આ એક પ્રકારનો આંતરડાનો રોગ છે. જે મોટાભાગે મોટા આંતરડાને અસર કરે છે. ''Inflammatory Bowel Disease (IBD)'' માં અલ્સરેટીવ કોલાઈટીસ અને ક્રોન્સ ડીસીજ (Crohn's disease) આ બે પ્રકરનાં રોગનો સમાવેશ થાય છે. બન્ને રોગ એકબીજાના લક્ષણોમાં મળતા આવે છે.

અલ્સરેટીવ કોલાઈટસ પહેલા પાશ્ચાત્ય સંસ્કૃતિનો રોગ ગણવામાં આવતો. જેમાં મુખ્ય રીતે ઉચ્ચ વર્ગનાં લોકો, શહેરનાં લોકો કે જેઓની જીંદગી અત્યંત તણાવમાં હોય પરંતુ આ રોગનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. શરીરમાં જનનીક ફેરફારને લીધે આ રોગ થાય છે. અને તેવા દર્દનાં DNA માં ચોક્કસ જગ્યાએ ફેરફાર થાય છે. જેનાથી આ રોગ થાય છે, તે જાણવા મળ્યુ છે. પરંતુ તેને અટકાવવા માટેનો કે આ રોગને જાણવા માટેનો કોઇ ચોક્કસ રસ્તો મળ્યો નથી.

આ રોગ પુરૂષો અને મહિલાઓ બન્નેને થાય છે. પુરૂષોમાં આ પ્રમાણ થોડુ વધારે જોવા મળે છે. બાળકથી લઈને વૃધ્ધ સુધી કોઇને પણ આ રોગ થઇ શકે છે. આ રોગ ચેપી નથી. રોગ કોઇ ચોક્કસ કામ કે ખોરાકથી થતો નથી. પરંતુ એક સર્વે પ્રમાણે દુધ અને દુધની વાનગીઓથી રોગનાં લક્ષણો વધી શકે છે.

**લક્ષણો :-**

• દર્દીને વારંવાર મળ ત્યાગ કરવા જવું પડે. • મળ સાથે લોહી અને પરૂ આવે. • મળ પાણી જેવું ઢીલુ અને લોહી સાથે આવે. • વારંવાર પેટમાં વીંટ આવે અને મળ ત્યાગ કરવા જવું પડે.

**પ્રકાર :-**

(૧) E1 : જે અંતરડાના છેડાના ભાગમાંજ હોય. (Proctitis)

(૨) E2 : જે ડાબી બાજુના મોટા આંતરડા સુધી હોય. (Colorectum Distal to splenic flexure)

(૩) E3 : જે પુરા આંતરડામાં હોય. (Pan calilis)

**નિદાન :-**

• લોહીની તપાસમાં Hb% ઓછુ આવે. • ESR વધારે આવે. • Tc, Dc રીપોર્ટ સામાન્ય આવે. • મળની તપાસમાં લોહી અને પરૂનો ભાગ આવે. • સોનોગ્રાફીમાં આંતરડાનો સોજો બતાવે.

પરંતુ ચોક્કસ નિદાન કોલોનોસ્કોપીથીજ કરી શકાય. જેમાં બાયોપ્સી પણ લઇ અને પેથોલોજીસ્ટ પાસે તપાસ માટે મોકલવામાં આવે છે.

સારવાર :-

• સ્ટીરોઈડસ શરૂઆતમાં જયારે રોગ વધારે હોય. • મેસોકોલ / સેઝો ગોળી તેનાં ડોજ પ્રમાણે.

**આડઅસરો :-**

• જો આરોગની યોગ્ય સારવાર નથાય તો રોગ આગળ વધી શકે છે. • ઘણીવાર આંતરડુ ફુલીજાય અને અત્યંત કેસમાં આંતરડામાં કાણુ પણ પડી જાય છે. લાંબાગાળામાં મોટો આંતરડાનુ કેન્સર પણ થઇ શકે છે.

# ડૉક્ટર હોવાનો મને ગર્વ છે.

-ડૉ. દિવ્યતા આજકીયા



આજે હું ગર્વથી કહી શકુ છું કે ''હું ડૉક્ટર છું.'' અત્યાર સુધીની મેડીકલ લાઇફના ૫ વર્ષની પ્રકટીસના અનુભવનું હું વર્ણન કરૂ છું.

જયારે હું નાની હતી ત્યારથી જ માતા-પિતાએ જીવનની એક દિશા નક્કી કરી હતી કે અમારી દિકરી મોટી થઇને એક ડૉક્ટર જ બનશે. અને મને પણ સમજાવવામાં આવ્યુ હતુ કે મોટી થઇને 'મારે ડૉક્ટર બનવાનું છે.' ત્યારે તો શાયદ 'ડૉક્ટર' વર્ડનો અર્થ શું થાય તે પણ જ્ઞાન ન હતું. નાનપણમાં જયારે કોઇ વ્યકિત પુછતું કે બેટા તારે મોટા થઇને શું બનવું છે? ત્યારે હસ્તા હસ્તા નાદાનીથી એમ જવાબ આપતી કે ''મારે તો મોટા થઇને ડૉક્ટર જ બનવું છે.'' જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મેડીકલનો અભ્યાસ પણ પુરો થઇ ગયો અને ડૉક્ટરની ડીગ્રી પણ મળી ગઇ. ત્યારે મનમાં એક ખુશી હતી કે હાશ, હું ડૉક્ટર બની ગઇ અને મારા મમ્મી-પપ્પા અને પરીવારની આશા મેં પુરી કરી. પરંતુ જેમ જેમ સમજણ શકિત આવતી ગઇ તેમ તેમ મનમાં એવો વિચાર આવવા લાગ્યો કે 'દિવ્યતા' ખાલી ડૉક્ટરની ડીગ્રી મળી એટલું જ જરૂરી નથી. પણ સાચા અર્થમાં એક ડૉક્ટર તરીકેની જવાબદારી સાર્થક કરવી જરૂરી છે. અત્યાર સુધી બધા જ કહેતા અને મેં પણ કહેલુ કે ડૉક્ટર એ ભગવાન પછીના બીજા ભગવાન છે. અને હવે તો હું પણ ખુદ એક ડૉક્ટર છું. પણ શું હું આ ડૉક્ટર શબ્દને સાચા અર્થમાં સાર્થક કરી રહી છું. ત્યારે મનમાં અનેક પ્રશ્નાર્થ થતા, પરંતુ તેના જવાબ ન હતા.

બસ, તે જ દિવસથી મનમાં નક્કી કરી લીધું કે હું એક ડૉક્ટર છું તે લેબલ મારે નથી જોઇતું પરંતુ હું ડૉક્ટર તરીકેની મારી તમામ જવાબદારી સ્વીકારી ડૉક્ટર શબ્દને મારે ખરા અર્થમાં સાર્થક કરવો જ છે. બસ તેજ દિવસથી અનેક મનોમંથનના અંતે મેં ત્રિમૂર્તિ હોસ્પિટલમાં દર્દી દેવોની સેવા કરવાનું બિડુ ઝડપ્યુ. આજે મને એ વાતનો ગર્વ છે કે આ હોસ્પિટલમાં ડૉક્ટર તરીકેની જવાબદારી નિભાવવાનો લાભ મળ્યો અને ડૉક્ટર શબ્દને સાર્થક કરી રહી છું એ બાબતની ખશીની લાગણી અનુભવું છું.

ત્રિમૂર્તિ હોસ્પિટલમાં આઇ.સી.યુ. વિભાગમાં આજે મેં ૫ વર્ષ પૂર્ણ કર્યા. અને મેં અનુભવ્યુ છે કે ડૉક્ટર બનવું સહેલું છે, પણ ડૉક્ટર તરીકેની જવાબદારી નિભાવવી એ જરા મહેનત માગી લે તેવી જોબ છે. પણ આ જોબ મળવી તે ખુબ ગર્વની વાત છે, કે જેમાં અનેક દર્દી દેવોના આરોગ્યની સેવા કરવાની અનેરી તક સાંપડે છે.

અત્યાર સુધીમાં મેં અનેક દર્દી દેવોના આરોગ્યની સેવા કરી અને મને સમજાયું છે કે મેડીકલ વ્યવસાય એ એક સાવ અલગ જ પ્રકારનો વ્યવસાય છે. આ વ્યવસાય માં પૈસા તો મળે જ છે પરંતુ તેની સાથે દર્દી દેવોના આર્શીવાદ પણ મળે છે. પૈસાથી ભૌતિક સુખ મેળવી શકાય. પરંતુ જયારે કોઇ દર્દીનું દુઃખ દુર કરી, તેના ચહેરા ઉપર જે આનંદ અને ખુશી જોઇએ છીએ ત્યારે થાય છે કે ઇશ્વરે આ લોકોની સેવા કરવા માટે અમને નિમિત બનાવ્યા. આવા સમયે દર્દીઓના મુખમાંથી સહેજે અમારા પ્રત્યે અહોભાવના આર્શીવાદ સરી પડે છે કે ''ખુશ રહેજે, ભગવાન તારી ઇચ્છા પુરી કરે'' ત્યારે મનને એક અલગ જ ખુશી અને સંતોષ મળે છે અને મનમાં એમ થાય છે કે 'દિવ્યતા તું આજે ખરા અર્થમાં ડૉક્ટર બની ગઇ.' મને સમજાય પણ ગયું કે ડૉક્ટર હોવું અને ડૉક્ટર તરીકેની જવાબદારી નિભાવવી એ બન્ને બાબતો અલગ જ છે.

આજે હું ઇશ્વર અને મારા પરીવારની ખૂબ જ આભારી છું કે મારી જીંદગીમાં એક એવો મોકો મળ્યો કે હું બીજાની તકલીફ દુર કરી શકું છું અને તેમના ચહેરા ઉપર ખુશી જોઇને હું ખુબ જ ખુશી અનુભવુ છું. અને છેલ્લે હું એટલું જ કહીશ કે ત્રિમૂર્તિ હોસ્પિટલમાં જીંદગીને અલગ અંદાજથી જીવવાનો અને ડૉક્ટર તરીકેની જવાબદારી નિભાવવાનો મોકો મળ્યો.


બસ, આજે હું ગર્વથી કહું છું કે 'હું એક ડૉક્ટર છું.

## મગજની ઇજા અને સારવાર (છેલા પાનાનું ચાલુ)

સામાન્ય રીતે માથામાં સખત વજનદાર વસ્તુ વડે ઇજા થવાથી તેમાં તીરાડ પડે છે.

• જ્યારે ખોપરીમાં માત્ર તીરાડ હોય અને તેની નીચે આવેલ મગજમાં ઇજા ન થયેલ હોય તો તેની સારવાર ઓપરેશન વગર થઇ શકે છે. પરંતુ જ્યારે ખોપરીની તીરાડ જ્યારે કાનના હાડકામાં આગળ વધતી હોય (Liniar Fracture Extending to Mastoid) તેવા કેશમા દર્દીને સાત નંબરથી મગજની નશમાં ઇજા થાય છે. અને તેનો ચહેરો ત્રાસો થઇ જાય છે. અને તેવા કેશમાં (Faial canal decomrecsion) સર્જરી કરવી પડે છે. (ઇ) ખોપરીમાં ખાડો પડી જવો (Depreased skull fracture) બે પ્રકારના હોય છે.(૧) Closed (બંધ) (Depreased fracture) (૨) (Open) ખુલ્લા પ્રકારના (Depreased fracture)

બધાજ પ્રકારની ખોપરીમાં ખાડા પડવાના કેશમાં ઓપરેશન કરવાની જરૂર રહેતી નથી. જ્યારે બંધ પ્રકારની (Closed Depreased ) ફેક્ચર હોઇ તેવા કેશમા ઓપરેશનની જરૂરીયાત ત્યારેજ પડે છે. જ્યારે ખાડો ૧ સેમીથી વધારે હોય છે. ખોપરીનુ બહારનુ પડ અંદરના પડ નીચે ચાલ્યુજાય, ખોપરીના ખાડાનીચે મગજમાં હેમરેજ હોય અથવાતો ખોપરીના હાડકાના દબાણથી હાથ/પગમાં નબળાઇ હોય છે. જ્યારે ખોપરીમાં ખાડો પડ્યો હોય અને સાથે તેની ઉપરની ચામડી તુટેલ હોય અને ખોપરી નીચેના મગજમાં ઇજા થયેલ હોય અને મગજનુ પાણી લીક થતુ હોય તેવા દર્દીને ઓપરેશન શક્ય તેટલુ વહેલુ કરવુ જોઇએ. આવા દર્દીના ઓપરેશન ન કરવાથી કે મોડુ કરવાથી મગજમાં ચેપ ફેલાય છે. જેને(ઉફફિહ યિંફા) કહે છે. ઓપરેશન દરમ્યાન ખોપરીમાં ખાડાવાળા દર્દીમાં હાડકુ તેની યોગ્ય સ્થીતીમાં લઇને આસ-પાસના હાડકા સાથે દોરાથી અથવાતો નાની પ્લેટથી ફીક્સ કરવામાં આવે છે. ખોપરીમાં ખાડા સાથે મગજમાં હેમરેજ હોય કે પછી મગજના આવરણમાં ઇજા હોય તો તે રીપેર કરવામાં આવે છે. અને ત્યાર બાદ તુટેલ ખોપરીના હાડકાને યોગ્ય ફીક્સ કરવામાં આવે છે.



# માથાની ઈજા અને સારવાર



ડૉ. એમ. ડી. સાંગાણી

સામાન્ય રીતે આપણે કોઇ પણ પ્રકારની માથામાં કે મગજમાં ઇજા થાય તેને હેડ ઇન્જરી કહીએ છીએ. હકીકતમાં હેડ ઇન્જરીમાં મગજની (Brain) માથાની ચામડી (Scalp) અને ખોપરી (skull) ની ઇજાઓનો સમાવેશ કરવામાં આવે છે. હાલનાં જમાનામાં ટ્રોમેટીક બ્રેઇન ઇન્જુરી એ નાની વયના લોકોમાં મૃત્યુનુ મુખ્ય કારણ છે. અને તેને કારણે લોકોમાં લાંબો સમય (જીવન પર્યન્ત) ખોડ ખાપણ રહી જાય છે.

## માથાની ઈજના પ્રકારો :-

**Varies Classitiation Used :-**

- સ્કાલ્પની ઇજાઓ
- ખોપરીની ઇજાઓ
- મગજની ઇજાઓ Closed Head injury, Open Head injury, Penetrating Head injury · Primany Brain injury, Secondary Brain Injury

### ● પ્રાયમરી બ્રેઇન ઇન્જુરી :-

એટલે કે મગજની અકસ્માત સમયે થતી ઇજા જેવી કે મગજની નશનું ફાટીજવું, ખોપરીમાં ફેક્ચર થવું , બ્રેઇન સ્ટેનમાં ઇજા થવી.

### ● સેકન્ડરી બ્રેઇન ઇન્જુરી :-

એટલે કે પ્રાયમરી બ્રેઇન ઇજાના પરીણામ રૂપે પાછળથી થતી ઇજા. જેવી કે ● મગજનુ હેમરેજ ● મગજમાં સોજો આવવો ● મગજમા લોહી ન મળવું ● મગજની નસનુ સંકોચાવુ.

## મજગના સોજાઓ અને તેના વિવિધ પ્રકારો :-

માથામાં ઇજા થવાથી અથવા તો મગજની ગાંઠ થવાથી, મગજને લોહી ન મળવાથી, મગજને પુરતો ઓક્સિજન ન મળવાથી, મગજમાં ચેપ લાગવાથી મગજમાં સોજો આવે છે.

## સોજાના પ્રકાર :-

**(૧) સાયટો ટોક્સીક બ્રેઇન ઇડીમાં :-** મગજને ઇજા થવાથી મગજના ન્યુરોનમાં આવેલ સોડીયમ ચેનલ કાર્ય કરતી બંધ થઇ જાય અને ન્યુરોનલ બોડીમાં પ્રવાહી ભેગુ થવા માંડે છે. અને મગજમા સોજો આવે છે. **(૨) વાસોજેનીક (Vasogenic) બ્રેઇન ઇડીમા :-** જ્યારે મગજમાં આવેલ લોહી અને બ્રેઇન વચ્ચેની દીવાલ (Blood Brain Barrier) તુટી જાય છે. ત્યારે તે લોહીમાંનુ પ્રવાહી મગજના સેલમા અને બે સેલ વચ્ચે આવેલ જગ્યામાં પ્રવેશે છે. અને મગજમા સોજો આવે છે. (૩) ઇન્ટર સ્ટીશીયલ બ્રેઇન ઇડીમાં :- જ્યારે મગજના પ્રવાહીનો રસ્તો બંધ થયેલ હોય (Obstructive Hydbocephalus) ત્યારે મગજમાં રહેલુ નોર્મલ પ્રવાહી (CSF) વેન્ટ્રીકલની દીવાલમાંથી જર્જરીત થઇને બહાર પ્રવેશે છે. અને મગજમાં સોજો આવે છે.

## માથાની ચામડીની ઈજાઓ :-

માથાની ચામડી શરીરમાં સૌથી વધારે જાડી ચામડી છે. અને તેના પાંચપડ આવેલા હોય છે. અને તેમાં સૌથી વધારે લોહીની સપ્લાય હોય છે. જેથી માંથામાં માઇનર ઇજા થવા છતા ખુબજ લોહી વહે છે. અને વધારે લોહીની સપ્લાયથી માથામાં રુજ ઝડપથી આવે છે.

માથાંની ચામડીની તદ્દન સામાન્ય ઇજાઓ જેવી કે (૧) ચામડીનુ છોલાવુ (Abrasion) (૨) ચામડી ફાટી જવી (Laceration) (૩) ચામડીમાં તથા ચામડી નીચે લોહી જમા થવુ જેને (Scalp Hematoma) કહે છે.

## ખોપરીની ઈજાઓ :-

● ખોપરી (Skull) એ બંધ પેટી જેવી રચના છે. જે મગજને બધી જ બાજુ આવરણ બની રક્ષણ કરે છે. ખોપરીની અંદર મગજ તથા મગજનું પ્રવાહી આવેલ હોય છે. જેમાં મગજ તરતુ રહે છે.

ખોપરીમાં ફેક્ચર બે પ્રકારના હોય છે. :-

● તીરાડ પડવી (Liniar Fracture) :-

પાના નંબર - ૩ ઉપર

Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.122015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ____________________



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**

**ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

● અદ્યતન નર્સિંગ સ્કુલ ●
● અદ્યતન હોસ્ટેલ સુવિધા ●
● અદ્યતન હોસ્પિટલ ●
● બી.એસ.સી. નર્સિંગ સ્ટાફ દ્વારા શિક્ષણ ●

સદર કોર્ષમાં પ્રવેશ સંબંધિત જરૂરી માહિતી માગદર્શન માટે સંપર્ક કરો

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭